# <u>“પ્રવાસી મિત્ર”</u>

<u>યોજનાનો મૂળ વિચાર:</u>

ડાંગ જિલ્લાનું મુખ્ય પ્રવાસન સ્થળ સાપુતારા છે. આ ઉપરાંત ડાંગ જિલ્લામાં ગીરાધોધ, બોટાનીકલ ગાર્ડન, શબરીધામ, પંપા સરોવર, અંજનીકુંડ,માયા દેવી, બિલમાળ ધામ,મહાલ-દેવીનામાળ ફોરેસ્ટ કેમ્પ સાઇટ,તેમજ ડોન હિલ સ્ટેશન જેવા અનેક પ્રવાસના સ્થળો છે.અસંખ્ય પ્રવાસી ડાંગની મુલાકાત લેતા હોય છે. સરકારના પ્રવાસન નીતિને ઉત્તેજન આપતા અનેક પ્રકલ્પોને લીધે પ્રવાસીઓમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. ડાંગ જિલ્લો પહાડી વિસ્તાર હોવાના કારણે રસ્તાઓ ભયજનક છે, તેથી અકસ્માતોની સંભાવનાવાળા વિસ્તારોની માહિતી હોવી પણ જરૂરી છે. સામાન્ય રીતે બહારના જિલ્લાઓમાંથી કે રાજ્યોમાંથી આવતા પ્રવાસીઓ માટે ડાંગ જિલ્લાના મોટેભાગના પ્રવાસન સ્થળોની જાણકારી હોતી નથી, તેથી એવી જાણકારી અભાવે તેઓ જિલ્લાની પ્રકૃતિ તેમજ સુંદરતાને માણી શકતાં નથી. જો પ્રવાસીઓને જિલ્લાના તમામ સ્થળોની માહિતી આપવામાં આવે અને ડાંગની ભૌગોલિક સ્થિતિથી અવગત કરવામાં આવે તો, પ્રવાસીઓની સંખ્યામાં ચોક્કસ પણે વધારો થઈ શકે તેમ છે. ડાંગ જિલ્લો પ્રાકૃતિક જિલ્લો હોવાને કારણે કોઈ ઔદ્યોગિક એકમ કે મોટા વેપાર-ધંધા નથી. પ્રાકૃતિક ખેતીની આવક અને તદ્દન સુક્ષ્મ કક્ષાના ગૃહ ઉદ્યોગો પર લોકોનું આર્થિક જીવન નિર્ભર રહે છે. જો પ્રવાસીઓને ડાંગ જિલ્લાના તમામ સ્થળોની જાણકારી આપવામાં આવે, તેમજ તેમની સુરક્ષા અને સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવે તો, ડાંગની પ્રજાને પ્રવાસન થકી આર્થિક રીતે સધ્ધર બનાવી શકાય.તેમજ પ્રવાસનને લીધે રોજગારીના અન્ય વિકલ્પો મળી રહે. જો પોલીસ વિભાગ તરફથી એવા કર્મચારીઓની ફોર્સ બનાવવામાં આવે કે જે પ્રવાસીઓને ડાંગના ,તમામ ફરવા લાયક સ્થળોની માહિતી આપે, તેમજ તેમની સુરક્ષા અને સલામતીની વ્યવસ્થા પૂરી પાડે, તથા પ્રવાસીઓની સુવિધાઓમાં વધારો કરી શકે તો પ્રવાસન ઉદ્યોગ સારી રીતે ખીલી શકે! ઉપરોક્ત હેતુને સિદ્ધ કરવા પોલીસ વિભાગના ગ્રામ રક્ષક દળના સભ્યોને વિશેષ તાલીમ આપી સક્ષમ બનાવવામાં આવે તો આ ફોર્સ કાયદો અને વ્યવસ્થાની ફરજ ઉપરાંત, પ્રવાસીઓને માર્ગદર્શિત કરી, તેમની સુવિધાઓમા વધારો કરી શકે,તેવા હેતુથી તેમને "પ્રવાસી મિત્ર" તરીકે વિશેષ ઓળખ આપવાનો ખ્યાલ જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયા સાહેબે રજૂ કર્યો છે.

<u>પ્રોજેક્ટ કોસ્ટ:</u>

"પ્રવાસી મિત્ર"નો પ્રોજેક્ટ પ્રારંભિક તબક્કે પ્રસ્તુત કરવા માટે કોઈ વિશેષ ફંડની આવશ્યકતા રહી નથી. પોલીસ વિભાગ પાસેના ઉપલબ્ધ સંસાધનો દ્વારા જ આ પ્રોજેક્ટને પ્રસ્તુત કરવામાં આવ્યો છે. પરંતુ આ પ્રોજેક્ટને ભવિષ્યમાં વિસ્તારવામાં આવે તો વિશેષ ફંડની આવશ્યકતા રહેશે.

“પ્રવાસી મિત્ર” તરીકે હાલના તબક્કે ગ્રામરક્ષક દળમાં ફરજ બજાવતા સભ્યોને જ વિશેષ તાલીમ આપી ફરજ પર મૂકવામાં આવ્યા છે. કારણ પ્રવાસીઓની સુરક્ષા,એ પણ કાયદો અને વ્યવસ્થાના ભાગ રૂપે જ છે. પરંતુ પ્રવાસી મિત્ર તરીકે ગ્રામ રક્ષક દળના સભ્યોને વિશેષ રીતે તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. જીઆરડીના સભ્યોમાંથી જ વિશેષ લાયકાત ધરાવતા સક્ષમ ઉમેદવારોની પ્રવાસી મિત્ર તરીકે પસંદગી કરવામાં આવી છે.

<u>ભૂમિકા:</u>

સામાન્ય રીતે પોલીસ વિભાગના કર્મચારીઓની ફરજ નિયમ કે કાયદાનું પાલન નહીં કરતા લોકો વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવાની હોય છે.તેથી સ્વાભાવિક રીતે જ લોકો પોલીસની કાર્યવાહીથી નારાજગી અનુભવતા હોય છે. "પ્રવાસી મિત્ર" તરીકેની ફરજમાં આવી કોઈ કાયદાના અમલીકરણની કાર્યવાહી કરવામાં આવશે નહીં.પરંતુ પ્રવાસીઓને સંપૂર્ણ સહયોગ આપી, તેમને ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળોની માહિતી આપશે. ઉપરાંત તેમને માર્ગદર્શિત પણ કરશે. જિલ્લાના રાત્રી રોકાણના સ્થળો હોટેલ- રેસ્ટોરન્ટ્સ ઉપરાંત, જીલ્લાની ભૌગોલિક માહિતીથી પણ અવગત કરવામાં આવશે. પ્રવાસીઓ સાથે એક મિત્રતા ભર્યું

વર્તન કરશે, જેથી આ પ્રવાસી મિત્રોની ચાહના તેઓ મેળવી શકશે. જિલ્લામાં જ્યાં જ્યાં અકસ્માત સંભવિત વિસ્તારો હશે, તેની પણ માહિતી આપશે.જેથી પ્રવાસીઓની સુરક્ષામા વધારો થઈ શકે. દરેક પ્રવાસી મિત્રો પાસે યુનિફોર્મ **ID Card** હશે., તેમ જ એક **QR Code** પણ હશે.જે **QR-Code** ને સ્કેન કરીને કોઈ પણ પ્રવાસી જિલ્લાના તમામ પ્રવાસના સ્થળો વિશે માહિતી મેળવી શકશે.તેમજ પ્રવાસન સ્થળ ઉપર રહેવા જમવાની વ્યવસ્થા વિશે જાણી શકશે. ક્યાંય પણ અસલામતી જણાય ત્યારે પોલીસ હેલ્પલાઇન્સની માહિતી પણ મેળવી શકશે.કોઈ દુર્ઘટના બને ત્યારે દવાખાના- હોસ્પિટલની જાણકારી પણ મેળવી શકશે.પડોશી મહારાષ્ટ્ર રાજ્યના પ્રવાસન સ્થળ વિશે પણ માહિતી આપવામાં આવશે.હજુ આ પ્રોજેક્ટ પ્રારંભિક તબક્કે હોવાથી દરેક જગ્યાએ પ્રવાસી મિત્રો ઉપલબ્ધ કરી શકાય તેમ નથી. પરંતુ તમામ સ્થળે **QR Code** પ્રદર્શિત કરવામાં આવશે,જેથી પ્રવાસીઓ સ્કેન કરીને પોલીસ વિભાગ તેમજ સરકારના અન્ય વિભાગોની માહિતી પણ મેળવી શકશે.

<u>લાભ:</u>

ડાંગ જિલ્લાની મુલાકાત લેતા પ્રવાસીઓને આ પ્રવાસી મિત્રો સતત મદદરૂપ રહેશે. તેમને માર્ગદર્શિત કરશે, તેમજ તેમની સુરક્ષા અને સલામતીની કાળજી રાખશે. આ તમામ હેતુઓનો લાભ પ્રવાસીઓને મળશે,તેમાં કોઈ બે-મત નથી. "પ્રવાસી મિત્ર" મોટેભાગે પ્રવાસીઓના લાભ માટે જ ફરજ બજાવશે, એવો નિર્ણય હાલ પૂરતો પોલીસ વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. તેથી પ્રવાસીઓને તેનો મહત્તમ ફાયદો થઈ શકે તેમ છે.

<u>સહયોગ:</u>

"પ્રવાસી મિત્ર"ના પ્રોજેક્ટમાં વહીવટી તંત્રનો પણ સહયોગ મળ્યો છે. જિલ્લા કલેક્ટર શ્રી મહેશ આઈ પટેલ સાહેબ તેમજ ચીફ ઓફિસર શ્રી ભરવાડ સાહેબ (સાપુતારા નોટીફાઇડ એરિયા)તરફથી પણ આ પ્રોજેક્ટમાં રસ દાખવવામાં આવ્યો છે."પ્રવાસી મિત્ર" પોતાની ફરજ છે વિશેષ સારી રીતે બજાવે તે માટે જરૂરી સુવિધાઓ,જેવી કે હેલ્પ ડેસ્ક, ઇન્ફોર્મેશન સેન્ટર વગેરેની ભવિષ્યમાં જરૂરિયાત ઊભી થવાની છે. તે માટે કલેકટર સાહેબે સહયોગ કરવાની ખાતરી આપી છે. ટેકનિકલ સપોર્ટ તેમજ અન્ય સુવિધાઓ માટે પ્રવાસન વિભાગ તરફથી ભવિષ્યમાં વિશેષ સહયોગની અપેક્ષા છે. પ્રવાસી મિત્રોને સતત અપડેટ રાખવા માટે, પ્રવાસીઓ તરફથી પણ સૂચનો મેળવી, તેનું અમલીકરણ કરવા માટે પણ સરકારી વિભાગના તમામ વિભાગો વચ્ચે સંકલન સાધી, આ પ્રોજેક્ટને વધુ સક્ષમ બનાવવાનો હેતુ છે. "પ્રવાસી મિત્ર" થકી પ્રવાસીઓને સુરક્ષિત કરી, જિલ્લાના પ્રવાસન ઉદ્યોગને જો ઉત્તેજન મળે તો, સ્થાનિક રોજગારીના વિકલ્પો વધી શકે,તેવા હેતુથી આ પ્રકલ્પનો પ્રારંભ કરવામાં આવ્યો છે.











દિવ્ય ભાસ્કર **નવસારી 18-11-2023**

## સાપુતારામાં પ્રવાસીઓની વ્હારે પોલીસ મિત્ર

### પ્રવાસી મિત્ર યોજના હેઠળ 20 જેટલા યુવક-યુવતીની ટીમ બનાવવામાં આવી

ભાસ્કર ન્યૂઝ | સાપુતારા

દિવાળી, નૂતન વર્ષ, અને ભાઈબીજના તહેવારોમાં સાપુતારા સહિત સમગ્ર ડાંગના પ્રવાસન સ્થળો ઉપર માનવ મહેરામણ ઉમટી પડતાં ચિક્કાર ગીરદી જામી હતી. પ્રવાસીઓની ભીડને જોતા ડાંગ જિલ્લા પોલીસ દ્વારા પ્રવાસીઓને મદદરૂપ થવા પ્રવાસી મિત્ર યોજના હેઠળ 20 જેટલા યુવક-યુવતીની ટીમ બનાવી પ્રવાસી મિત્ર યોજના બનાવી બહારગામથી આવતા પ્રવાસીઓને મદદરૂપ માટે સરાહનીય કામગીરી હાથ ધરવામાં આવી છે.

દિવાળી વેકેશન માણવા ડાંગ જિલ્લામાં આવતા પ્રવાસીઓને, જુદા જુદા પ્રવાસન સ્થળોની જાણકારી આપવા સાથે તેમને યોગ્ય માર્ગદર્શન આપવાની ભૂમિકા નિભાવતા ડાંગ પોલીસ બેડાના ચૂનંદા જવાનો એવા 'પોલીસ મિત્ર' તેમની આ ભૂમિકા સુપેરે નિભાવી રહ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક સુનિલ પાટીલની રાહબરી હેઠળ ગઠિત આ 'પોલીસ મિત્ર'ની ટીમે દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજની રજામાં પોતાના ઘર પરિવારની પરવા કર્યા વગર પ્રવાસીઓને મદદરૂપ થવાની તેમની ફરજ નિભાવી હતી. પોલીસ વિભાગના આઈડેન્ટિટી કાર્ડ સાથે અધિકૃત આ 'પોલીસ મિત્ર' પ્રવાસીઓને ડિજિટલ ક્યૂઆર કોડના માધ્યમથી પણ ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળોની જાણકારી આપી રહ્યા છે. પર્યટકો પણ 'પોલીસ મિત્ર'ની મદદ મેળવી ડાંગ પોલીસ અને જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસોની સરાહના કરી રહ્યા છે.



પ્રવાસીને મદદ કરતા પોલીસમિત્ર.

#### પ્રવાસન સ્થળની સાથે અન્ય બાબતોથી માહિતગાર કરાયા

ડાંગના આ 'પોલીસ મિત્ર' પ્રવાસીઓને પ્રવાસન સ્થળોની જાણકારી પૂરું પાડવા સાથે માર્ગ અકસ્માત, ટ્રાફિક નિયમન, કોઈ પણ પ્રકારની ઈમરજન્સી, પિક પોકેટિંગ, સાયબર ક્રાઈમ સહિતની બાબતોથી પણ પ્રવાસી પરિવારોને માહિતગાર કરી રહ્યા છે.

## ડાંગમાં દિવાળી, નૂતન વર્ષની રજાઓમાં આવેલા પ્રવાસીઓને 'પોલીસ મિત્ર'ની મદદ

ધબકાર પ્રતિનિધિ, વઘઈ, તા. ૧૭

દિવાળી, નૂતન વર્ષ, અને ભાઈબીજના તહેવારોમાં સાપુતારા સહિત સમગ્ર ડાંગના પ્રવાસન સ્થળો ઉપર માનવ મહેરામણ ઉમટી પડતાં ચિક્કાર ગીરદી જામી હતી. પ્રવાસીઓની ભીડને જોતા ડાંગ જિલ્લા પોલીસ દ્વારા પ્રવાસીઓને મદદરૂપ થવા પ્રવાસી મિત્ર યોજના હેઠળ ૨૦ જેટલા યુવક યુવતીઓની ટીમ બનાવી પ્રવાસી મિત્ર યોજના બનાવી બહાર ગામથી આવતા પ્રવાસીઓને મદદરૂપ માટે સરાહનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. વેકેશન માણવા ડાંગ જિલ્લામાં આવતા પ્રવાસીઓને, જુદા જુદા પ્રવાસન સ્થળોની જાણકારી આપવા સાથે તેમને યોગ્ય માર્ગદર્શન આપવાની ભૂમિકા નિભાવતા ડાંગ પોલીસ બેડાના ચુનંદા જવાનો એવા 'પોલીસ મિત્ર' તેમની આ ભૂમિકા સુપેરે નિભાવી રહ્યા છે.

જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી સુનિલ પાટીલની રાહબરી હેઠળ ગઠિત આ 'પોલીસ મિત્ર'ની ટિમે, દિવાળી, નૂતન વર્ષ, અને ભાઈબીજની રજાઓમાં પોતાના ઘર પરિવારની પરવાહ કર્યા વગર, પ્રવાસીઓને મદદરૂપ થવાની તેમની ફરજ નિભાવી હતી. ઉલ્લેખનીય છે કે, ડાંગના આ 'પોલીસ મિત્ર' પ્રવાસીઓને પ્રવાસન સ્થળોની જાણકારી પૂરું પાડવા સાથે, માર્ગ અકસ્માત, ટ્રાફિક નિયમન, કોઇ પણ પ્રકારની ઈમરજન્સી, પિક પોકેટિંગ, સાયબર ક્રાઈમ સહિતની બાબતોથી પણ પ્રવાસી પરિવારોને માહિતગાર કરી રહ્યા છે. પોલીસ વિભાગના આઈડેન્ટિટી કાર્ડ સાથે અધિકૃત આ 'પોલીસ મિત્ર' પ્રવાસીઓને ડિજિટલ ક્યૂઆર કોડના માધ્યમથી પણ ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળોની જાણકારી આપી રહ્યા છે. પર્યટકો પણ 'પોલીસ મિત્ર'ની મદદ મેળવી ડાંગ પોલીસ, અને જિલ્લા વહીવટી તંત્રના પ્રયાસોની સરાહના કરી રહ્યા છે. તેમ સાપુતારા પોલીસ સ્ટેશનના પીએસઆઇ કે. જે. નિરંજને જણાવ્યું હતું.



(તસવીર : નિલેશ સુરતી)

**ડાંગ પોલીસ બેડાના ચુનંદા જવાનો 'પોલીસ મિત્ર' બની પ્રવાસીઓને પ્રવાસન સ્થળો અંગે યોગ્ય માર્ગદર્શન આપવાની ભૂમિકા સુપેરે નિભાવી રહ્યા છે**

### જુદા જુદા પ્રવાસન સ્થળોની જાણકારી અને માર્ગદર્શન

## ડાંગમાં દિવાળી-નવા વર્ષની રજાઓમાં પ્રવાસીઓની મદદે આવેલા પોલીસ મિત્ર

સંદેશ | વાંસદા-ડાંગ |

દિવાળી, નૂતન વર્ષ, અને ભાઈબીજના તહેવારોમાં સાપુતારા સહિત સમગ્ર ડાંગના પ્રવાસન સ્થળો ઉપર માનવ મહેરામણ ઉમટ્યું હતું.

વેકેશન માણવા ડાંગ જિલ્લામાં આવતા પ્રવાસીઓને, જુદા જુદા પ્રવાસન સ્થળોની જાણકારી આપવા સાથે તેમને યોગ્ય માર્ગદર્શન આપવાની ભૂમિકા નિભાવતા ડાંગ પોલીસ બેડાના ચુનંદા જવાનો એવા 'પોલીસ મિત્ર' તેમની આ ભૂમિકા સુપેરે નિભાવી રહ્યા છે. જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયાના માર્ગદર્શન હેઠળ, નાયબ પોલીસ અધિક્ષક સુનિલ પાટીલની રાહબરી હેઠળ ગઠિત આ 'પોલીસ મિત્ર' ની ટિમે, દિવાળી, નૂતન વર્ષ, અને ભાઈબીજની રજાઓમાં પોતાના ઘર પરિવારની પરવાહ કર્યા વગર, પ્રવાસીઓને મદદરૂપ થવાની તેમની ફરજ નિભાવી હતી. ઉલ્લેખનીય છે કે, ડાંગના આ 'પોલીસ મિત્ર' પ્રવાસીઓને પ્રવાસન સ્થળોની જાણકારી પૂરું પાડવા સાથે, માર્ગ અકસ્માત, ટ્રાફિક નિયમન, કોઈ પણ પ્રકારની ઈમરજન્સી, પિક પોકેટિંગ, સાયબર ક્રાઈમ સહિતની બાબતોથી પણ પ્રવાસી પરિવારોને માહિતગાર કરી રહ્યા છે.

